### સંતરામપુરના ગોઠીબમાં સરકારી જમીન પરના દબાણ સામે મામલતદારની લાલઆંખ

# ગોઠીબમાં સરકારી જમીન પરનું બિલ્ડીંગ દૂર કરવા ૧૫ દિવસનું આખરી અલ્ટીમેટમ

**નિર્ધારિત** સમયમાં દબાણ ન હટે તો કાર્યવાહી કરી ખર્ચ વસૂલવાની કડક ચેતવણી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૫
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે આવેલી સરકારી પડતર જમીન પરના કથિત ગેરકાયદેસર બિનખેતી વિષયક દબાણ દૂર કરવા માટે સંતરામપુર મામલતદાર કચેરી દ્વારા આખરી નોટિસ ફટકારીને કડક વલણ અપનાવવામાં આવ્યું છે. સંબંધિત દબાણદારોને ૧૫ દિવસની આખરી મુદતમાં સ્વખર્ચે દબાણ દૂર કરવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે સરકારી રે.સ.નં. ૫૭૪ ની સરકારી પડતર જમીન પર બિનખેતી વિષયક દબાણ કરવામાં આવ્યું હતું. આ દબાણ દૂર કરવા સંદર્ભે સંતરામપુર મામલતદાર કચેરી દ્વારા અગાઉ તા. ૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ હુકમ કરવામાં આવ્યો હતો.

આ હુકમ છતાં આજદિન સુધી દબાણકર્તાઓ દ્વારા દબાણ દૂર કરવામાં ન આવતાં, સંતરામપુર મામલતદાર કચેરી દ્વારા ૨૨મી ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ પુનઃ આખરી નોટિસ પાઠવવામાં આવી છે. આ નોટિસમાં સરોજબેન અરવિંદભાઈ પટેલ અને અરવિંદભાઈ વ. પટેલને ૧૫ દિવસની અંદર પોતાના ખર્ચે તમામ દબાણ દૂર કરવા સ્પષ્ટ જણાવી દેવાયું છે.

સંતરામપુર મામલતદાર કચેરીની આખરી નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, જો નિર્ધારિત ૧૫ દિવસની સમયમર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે, તો ગુજરાત જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ ની કલમ-૨૦૨ હેઠળ દબાણ ખુલ્લું કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહી પાછળ થનારો તમામ ખર્ચ જમીન મહેસૂલની બાકી રકમ તરીકે સંબંધિત પક્ષકારો પાસેથી વસૂલવામાં આવશે.

હવે નિર્ધારિત ૧૫ દિવસની સમયમર્યાદામાં સંબંધિત પક્ષકારો દ્વારા દબાણ દૂર કરી દેવાય છે કે પછી મહેસૂલી તંત્ર દ્વારા કલમ-૨૦૨ હેઠળ આગળની આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે, તેના પર પંથકની નજર મંડાયેલી છે.

**કલેક્ટર સહિતના રેવન્યુ તંત્રને જાણ કરાઈ**

આ નોટિસની નકલ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે મહીસાગર કલેક્ટર (લુણાવાડા), સંતરામપુરના નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી તેમજ ગોઠીબના રેવન્યુ તલાટીને મોકલી આપવામાં આવી છે. તલાટીને નોટિસની બજવણી કરીને તાત્કાલિક અહેવાલ મોકલવા પણ સૂચના આપી દેવાઈ છે.

### ખેડા જિલ્લામાં ‘નેશનલ મોટર સાયકલ રેલી’નું ભવ્ય સ્વાગત કરાયું



ભારતને વર્ષ-૨૦૨૯ સુધીમાં નશામુક્ત કરવાના વડાપ્રધાનના સંકલ્પ હેઠળ લેહ-લડાખથી એકતાનગર (કેવડિયા) જઈ રહેલી નેશનલ મોટર સાયકલ રેલીનું ખેડા જિલ્લામાં આગમન થયું છે. વિવિધ કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ અને રાજ્ય પોલીસ દળના ૨૦૦ જેટલા બાઈક રાઈડર્સની આ રેલીનું રેન્જ આઈ.જી. રાઘવેન્દ્ર વત્સ અને એસ.પી. વિજય પટેલના માર્ગદર્શન હેઠળ પુષ્પવર્ષા તથા પોલીસ બેન્ડ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ડભાણ એસઓજી કચેરીના પટાંગણમાં આયોજિત સભામાં સ્થાનિક નગરજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સભા બાદ ખેડા જિલ્લાના પોલીસ અધિકારીઓએ આ રેલીને એકતાનગર કેવડિયા તરફ આગળ વધવા માટે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# આણંદમાં ચારુસેટ દ્વારા ‘પ્રબંધન’ એક્ઝિબિશન કમ સેલનું આયોજન

**મેનેજમેન્ટના** વિદ્યાર્થીઓ ૫૬ સ્ટ્રોલ્સ દ્વારા વ્યવસાયિક કૌશલ્યનો પ્રત્યક્ષ અનુભવ મેળવશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫
ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી સંલગ્ન ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ દ્વારા આગામી ૩૦મી ઓક્ટોબરથી ૨જી નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન આણંદના ૮૦ ફૂટ રોડ સ્થિત સરદાર પટેલ બેન્ક્વેટ હૉલ ખાતે ‘પ્રબંધન ૨૦૨૬’ એક્ઝિબિશન-કમ-સેલનું આયોજન કરાયું છે.

ચારુસેટ સંલગ્ન ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નિર્ણયશક્તિ અને બજાર વ્યવસ્થાપનના કૌશલ્યો વિકસાવવાના હેતુથી યોજાતા આ ઈવેન્ટમાં બીબીએ અને એમબીએના વિદ્યાર્થીઓની ૧૧૨થી વધુ ટીમોએ નોંધણી કરાવી હતી. વાસ્તવિક બજારની સ્પર્ધા અને રોકાણના નિર્ણયોનો અનુભવ આપવા માટે યોજાયેલી હરાજી પ્રક્રિયા દ્વારા ૪૧ પ્રોડક્ટ સ્ટૉલ્સ અને ૧૫ ફૂડ સ્ટૉલ્સની ફાળવણી કરવામાં આવી છે.

આ એક્ઝિબિશન દિવાળીની ખરીદી માટે તમામ વયજૂથના ગ્રાહકો માટે ‘વન-સ્ટોપ સોલ્યુશન’ પૂરું પાડે છે. જેમાં પરંપરાગત તથા વેસ્ટર્ન વસ્ત્રો, ડિઝાઈનર જ્વેલરી, હોમ ડેકોરેશન, હસ્તકલા, ડેકોરેટિવ લાઈટ્સ, રંગબેરંગી દીવાઓ, મીણબત્તીઓ, ગૃહઉદ્યોગના નાસ્તા-મીઠાઈઓ, વિવિધ ફૂડ સ્ટૉલ્સ અને બાળકો માટે ગેમ ઝોન આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ આયોજન આઈઆઈઆઈએમના પ્રિન્સિપાલ ડૉ. રેશ્મા સાબલે, ડીન ડૉ. રાજેશ સાધવાની અને કન્વીનર કીર્તિ પટેલના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. ચારુસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. અતુલ પટેલ અને રજિસ્ટ્રાર ડૉ. બિનીત પટેલે આયોજક ટીમ અને વિદ્યાર્થીઓને ઈવેન્ટની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૧૨ હજારથી વધુ મુલાકાતીઓએ આ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી.

# પેટલાદના કણીયામાં જુગાર રમતાં પાંચ શખ્સો પકડાયાં

**સ્ટ્રીટ લાઇટના** અજવાળે જુગાર રમતા પકડી મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.25
પેટલાદના કણીયા ગામની રાધાપુરા સીમમાં જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા-પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા પાંચ શખ્સોને પેટલાદ રૂરલ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે રોકડ રકમ તથા જુગારના સાહિત્ય સાથે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેટલાદ રૂરલ પોલીસ સ્ટાફ ખાનગી વાહનમાં રાત્રિ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન કણીયા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પૈસા વડે હારજીતનો જુગાર રમતા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પંચોને સાથે રાખી સ્થળ પર કોર્ડન કરીને અચાનક દરોડો પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જોકે, પોલીસના કોર્ડનમાં પાંચ શખસ પકડાયાં હતાં. જેમની પૂછપરછ કરતં ગોવિંદ અંબુભાઈ તળપદા, રૂપાભાઈ ઉર્ફે ગફુર બુધાભાઈ તળપદા, શૈલેષ લાલભાઈ વાંસફોડા, યોગેશ શનાભાઈ પરમાર અને વિજય કાળા રાઠોડ હોવાનું જણાવ્યું હતું.

પોલીસે પકડાયેલા શખ્સોની અંગજડતીમાંથી રોકડા રૂ. ૨,૩૧૦ તેમજ દાવ પરથી રૂ. ૭૬૦ અને પત્તા મળી કુલ રૂ. ૩,૦૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેટલાદ રૂરલ પોલીસે તમામ જુગારીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# સીવીએમ યુનિ.માં ‘યુગાંતર’ અને ‘શરદોત્સવ’નું આયોજન

**એક હજારથી** વધુ વિદ્યાર્થીઓ ૩૨ સ્પર્ધાઓમાં દર્શાવશે કૌશલ્ય



(પ્રતિનિધિ) આણંદ તા.૨૫
વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટીના આંગણે વર્ષના સૌથી મોટા અને બહુપ્રતિક્ષિત યુવક મહોત્સવ ‘યુગાંતર ૫.૦’ નું ભવ્ય આયોજન ૨૭મી ઓક્ટોબરથી ૩૦મી ઓક્ટોબર દરમિયાન કરવામાં આવ્યું છે. આ સાંસ્કૃતિક મહાકુંભની પૂર્વસંધ્યાએ ૨૬મીના રોજ ‘શરદોત્સવ’ સાથે તેનો ઉત્સાહસભર પ્રારંભ થશે.

સીવીએમ યુનિવર્સિટીના ‘યુગાંતર ૫.૦’ માં આ વર્ષે કુલ ૩૨ વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦૩૮ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધાઓનું તટસ્થ મૂલ્યાંકન કરવા માટે ૪૦ તજજ્ઞ જ્યુરી મેમ્બર્સ અને ૯૩ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સેવા આપશે. વિદ્યાર્થીઓ છેલ્લા એક મહિનાથી થિયેટર, સંગીત અને નૃત્ય જેવી વિવિધ સ્પર્ધાઓ માટે સઘન પ્રેક્ટિસ કરી રહ્યા છે.

આ વર્ષે સૌથી વધુ આકર્ષણ લોકનૃત્ય અને ફેશન શોમાં જોવા મળ્યું છે, જેમાં ફોક ડાન્સમાં ૧૩ ટીમો અને ફેશન શોમાં ૧૨ ટીમો વચ્ચે રોમાંચક સ્પર્ધા ખેલાશે. આ ૪ દિવસીય મહોત્સવ દરમિયાન સાંસ્કૃતિક શોભાયાત્રા, શાસ્ત્રીય તથા પાશ્ચાત્ય સંગીત, વાદ-વિવાદ, વક્તૃત્વ, ક્વિઝ, એકાંકી નાટક, શોર્ટ ફિલ્મ સ્ક્રીનિંગ, ચિત્રકલા, પોસ્ટર મેકિંગ, કોલાજ, રંગોળી, મિમિક્રી અને માઈમ જેવી સ્પર્ધાઓ યોજાશે.

ચારુતર વિદ્યામંડળના પ્રમુખ ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીશભાઈ પટેલ, મંત્રી એસ. સી. પટેલ, સહમંત્રી મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડો. ઈન્દ્રજીત પટેલ તથા રજિસ્ટ્રાર પ્રો. ડો. સંદીપ વાલિયાના કુશળ માર્ગદર્શન હેઠળ યુગાંતરના કલ્ચરલ હેડ ડો. સર્વેશ ત્રિવેદી અને તેમની ટીમ દ્વારા આયોજન કરાયું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના દાણા ખાતે નવીન આરોગ્ય સબ સેન્ટરનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ

**કપડવંજ |** કપડવંજના આંબલીયારા જિલ્લા પંચાયત મત વિસ્તારમાં



આવેલા દાણા ખાતે નવીન આરોગ્ય સબ સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આ નવીન આરોગ્ય સબ સેન્ટરનું ઈ-લોકાર્પણ સંપન્ન થયું હતું. આ પ્રસંગે કપડવંજ તાલુકા વિકાસ અધિકારી જે.બી. પઢિયાર, તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંકુરભાઈ પટેલ અને ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય જિલ્લા પંચાયત સદસ્યના પ્રતિનિધિ ધૂળસિંહ સોલંકી, સ્થાનિક પંચાયત સદસ્યો અને ગામના અન્ય અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

### કપડવંજ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા વર્કશોપ યોજવામાં આવ્યો

**કપડવંજ |** કપડવંજ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ફોટોગ્રાફી તકનીકો અને કૌશલ્ય વિકાસ માટે એક ખાસ વર્કશોપનું આયોજન




કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કપડવંજ શહેર તથા આસપાસના વિસ્તારના ફોટોગ્રાફરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમિયાન ફોટોગ્રાફી ક્ષેત્રે આવી રહેલા આધુનિક ફેરફારો અને નવીન ટેકનોલોજી અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન સફળતાપૂર્વક સંપન્ન થતાં એસોસિએશનના હોદ્દેદારો અને સભ્યોએ એકબીજાને આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### માતરના સંધાણા ખાતે અદ્યતન ‘આરોગ્ય ધામ’નું મુખ્યમંત્રી દ્વારા ઈ-લોકાર્પણ કરાયું

**માતર |** માતર તાલુકાના સંધાણા-હૈજરાબાદ રોડ પર રૂ. ૪૫ લાખના ખર્ચે ક્લિનિક, વેક્સીન, લેબર રૂમ અને નર્સ ક્વાર્ટરની



અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરાયેલા આરોગ્ય ધામનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઈ-લોકાર્પણ બાદ સંધાણા ખાતે સીડીએચઓ શાલિનીબેન ભાટિયા, ખેડા જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન, જિલ્લા પંચાયત સભ્ય રાજુભાઈ પટેલ અને સરપંચે દીપ પ્રાગટ્ય તથા રીબીન કાપી આરોગ્ય ધામ ખુલ્લું મૂક્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને તેમના બાળકના સ્વાસ્થ્ય માટે પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ વૈશાલીબેન પ્રીતિનકુમાર પટેલ, રઘવાણજ અને વણસરના સરપંચો સહિત સ્થાનિક ગ્રામજનો હાજર રહ્યા હતા.

### સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થિનીએ ટેબલ ટેનિસમાં દ્વિતીય સ્થાન મેળવ્યું

**આણંદ |** ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધાની સિંગલ્સ કેટેગરીમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ



મટીરિયલ્સ સાયન્સની વિદ્યાર્થિની જીનલ રાજેશકુમાર ઝાલાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ વિદ્યાર્થિની જીનલ ઝાલાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે રમતગમત ક્ષેત્રે મેળવેલી આ સફળતા સમગ્ર મટીરિયલ્સ સાયન્સ વિભાગ માટે ગૌરવની ક્ષણ બની રહી છે. જીનલ ભવિષ્યમાં પણ આવી જ ઉત્કૃષ્ટ સફળતાઓ મેળવીને નવી ઊંચાઈઓ સર કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

### બાકોર ગામે શ્રમિકો માટે આરોગ્ય તપાસણી કેમ્પમાં ઈ-શ્રમ કાર્ડ કઢાવવા અપીલ




**ખાનપુર |** ખાનપુર તાલુકાના બાકોર ગામે ધન્વંતરી આરોગ્ય રથ મારફતે શ્રમિકો માટે ખાસ આરોગ્ય તપાસણી હાથ ધરી જરૂરી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા પંચાયત સભ્ય ભાવનાબેન પટેલ અને બાકોર ગામના સરપંચ સહિત સ્થાનિક પદાધિકારીઓ અને શ્રમિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રમિકોને માત્ર રૂ. ૫ ના દરે અન્નપૂર્ણા યોજનાનો લાભ મેળવવા માટે આધારકાર્ડ અને રેશનકાર્ડની મદદથી ઈ-શ્રમ કાર્ડ કઢાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગની શ્રેષ્ઠ કામગીરી કરી

**આણંદ |** શહેરની સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ દ્વારા શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી



વિશેષ સિદ્ધિ હાસલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સખત મહેનત અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનના પરિણામે શાળાએ આ ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઝળહળતી સફળતા બદલ શાળા સંચાલક મંડળ, આચાર્યશ્રી અને વાલીઓએ સમગ્ર ટીમ તથા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે. આગામી સમયમાં પણ શિક્ષણ અને સંસ્કારના ઉત્તમ સમન્વય સાથે આવી જ પ્રગતિ જાળવી રાખવા શાળા પરિવારે સંકલ્પ વ્યક્ત કર્યો છે.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અંગે આરોગ્ય વાર્તાલાપ યોજાયો




**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના ઓડિટોરિયમ ખાતે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અંગે આરોગ્ય વાર્તાલાપ યોજાયો હતો. આ કાર્યક્રમ યુનિવર્સિટીના કુલપતિ ડો. એમ. પી. પટેલના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કેન્સર નિષ્ણાતે બ્રેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સર અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. દિનેશ એચ. પટેલ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મહિલા કર્મચારીઓ તથા વિદ્યાર્થિનીઓ સહિત આશરે ૫૦૦ દર્શકો/ઉપસ્થિતો હાજર રહ્યા હતા.

### આણંદ જિલ્લા કક્ષાના બાળ વિજ્ઞાન મેળામાં કસ્તુરબા કન્યા વિદ્યાલય પ્રથમ સ્થાને રહી

**આણંદ |** આણંદ ખાતે ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત



ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના બાળ વિજ્ઞાન મેળામાં કસ્તુરબા કન્યા વિદ્યાલયની દીકરીઓએ સમગ્ર મેળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થિનીઓએ આધુનિક ટેકનોલોજી અને સામાજિક ઉપયોગિતાને સાંકળતું નવતર મોડેલ રજૂ કરી નિર્ણાયકો તથા મુલાકાતીઓને પ્રભાવિત કર્યા હતા. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના પ્રિન્સિપાલ નિરાલીબેન અને સુપરવાઇઝર નીલમબેને વિજેતા દીકરીઓ તથા માર્ગદર્શક શિક્ષક દીક્ષિતભાઈ અને કુંદનબેનને અભિનંદન પાઠવ્યા હતા.

### કોઠંબાના હાથીવન ખાતે વીજ ચોરી નિવારણ અને વીજ સલામતી અંગે જનજાગૃતિ અભિયાન યોજાયું




**લુણાવાડા |** કોઠંબા તાલુકાના હાથીવન ગામમાં અગાઉ ૧૯૮ વીજ ચોરીના કેસો નોંધાયા હોવાથી, વીજ કંપની દ્વારા કાર્યપાલક ઇજનેર યુ. એ. સોલંકીના અધ્યક્ષસ્થાને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. અધિકારીઓએ વીજળીના વિવેકપૂર્ણ ઉપયોગથી ‘વીજ બચત’નો માર્ગ અપનાવવા અને ગેરકાયદેસર વીજ ચોરી અટકાવી સમયસર બિલ ભરવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. બીપીએલ કાર્ડધારકો અને રૂ. ૧.૫ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારોને સરકારી જોગવાઈ હેઠળ વિનામૂલ્યે વીજ જોડાણ મેળવવાની પ્રક્રિયાનું સરળ માર્ગદર્શન અપાયું હતું.

### બોરસદ તાલુકા વિજ્ઞાન મેળામાં ઝારોલા હાઇસ્કૂલનો ‘AI આધારિત સૂક્ષ્મ જૈવિક ખેતી’ પ્રોજેક્ટ ચમક્યો

**બોરસદ |** તાલુકા વિજ્ઞાન મેળાના વિભાગ-4માં ઝારોલા હાઇસ્કૂલના



સાયન્સના વિદ્યાર્થીઓ જય પંચાલ અને કેવલ પરમારે ‘AI આધારિત સૂક્ષ્મ જૈવિક ખેતી’ પ્રોજેક્ટમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. માર્ગદર્શક શિક્ષિકા દિવ્યાંગીબેન ઠાકોરના કુશળ માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ પ્રોજેક્ટની સચોટ રજૂઆતે નિર્ણાયકોનું દિલ જીતી લીધું હતું. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ધર્મેશભાઈ પટેલ અને એમ.ડી. નવીનભાઈ પટેલે વિજેતા વિદ્યાર્થીઓ તથા શિક્ષક ટીમને અભિનંદન પાઠવ્યા છે.

### ખંભાતના નાના કલોદરાની શિશુવિદ્યાવિહારે સી.આર.સી. વિજ્ઞાન મેળામાં સફળતા મેળવી

**ખંભાત |** ખંભાત તાલુકાની એન. એ. પટેલ શિશુવિદ્યાવિહાર,



નાના કલોદરા શાળાની વિદ્યાર્થીનીઓએ સી.આર.સી. કક્ષાના વિજ્ઞાન મેળામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે. વિભાગ ૧-B માં વિદ્યાર્થીની માલી કાવ્યા અને પ્રજાપતિ માહિએ શિક્ષક રાણા હર્ષદભાઈના માર્ગદર્શન હેઠળ ‘વિભાજ્ય સંખ્યા’ પ્રોજેક્ટમાં તૃતીય ક્રમ મેળવ્યો છે. વિભાગ ૪-A માં સુરાંગી માહિ અને પરમાર કાવ્યાએ શિક્ષિકા પટેલ અર્પિતાના માર્ગદર્શનમાં ‘રણ પ્રદેશમાં ઝાકળથી થતી ખેતી’ મોડેલ રજૂ કરીને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિબદલ શાળાના આચાર્ય ઇન્દ્રાબેન પટેલ તેમજ પ્રમુખ નવીનભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.